Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગાંધીજીના મતે કેળવણી

**પ્રા.રમણીબેન એમ. પટેલ**
વ્યાખ્યાતા, શ્રી શારદાપીઠ આર્ટ્સ ,કોમર્સ એન્ડ કોલેજ ઓફ એજ્યુકેશન, દ્વારકા

"કેળવણી એટલે જ માનવ અને સમાજનું નિર્માણ"

-ડો.રાધાકૃષ્ણન

ગાંધીજી એ ભારતની વિરલ વિભૂતિઓમાંના એક હતા. તેમનામાં કૃષ્ણ, બુદ્ધ, ઈશુ અને મહાવીરનો સમન્વય થયો હતો. તેઓ સત્યના સાધક, અહિંસાના ઉપાસક, અને કરૂણાના કર્મયોગી હતા. આધુનિક ભારતના નેતા વ્યવહારું તત્વદ્રષ્ટા અને સામાજીક, આર્થિક નવનિર્માણના પ્રણેતા હતા. તેઓ " મારું જીવન એ જ સંદેશ" સૂત્ર. આપીને ભારતીય જીવનમાં તેઓ આચાર અને વિચાર શુદ્ધતાના પ્રખર હિમાયતી બન્યા.ટોલ્સ્ટોય આશ્રમ અને ફિનિક્સ આશ્રમ એ ગાંધીજીના સત્યાગ્રહની કર્મભૂમિ બની રહ્યા. આ સંસ્થામાં બૌદ્ધિક વિષયોના શિક્ષણ ઉપરાંત વ્યાવસાયિક વિષયોનું શિક્ષણ આપવામાં આવતું. ગાંધીજી ૧૯૧૪ માં ભારત પાછા ફર્યા. તેઓ સ્વરાજ્ય સાથે સુરાજ્ય અને રામરાજ્યના હિમાયતી, અસ્પૃશ્યતા નિવારણ, સ્ત્રી શિક્ષણ, જાતિભેદ, નાબૂદી મતે સંઘર્ષ કર્યો. તેઓ સર્વોદય સમાજની સ્થાપના આજીવન હિમાયતી રહ્યાં.

જગતમાં પોતાની સળંગ અને સ્વયંપૂર્ણ ફિલસૂફી આપનાર જે મહાપુરુષો થયા છે. તેમાં ગાંધીજીનો પણ સમાવેશ થાય છે. કેળવણી અંગે જે તેમના વિચારો હતા તે તેની કેળવણીની ફિલસૂફી બની રહે છે.

"બાળકોને પુસ્તકો સાથે ચોંટાડી રાખવાને બદલે હું તો તેને કામ કરતું કરી દઉં, તેના હાથ કામકાજ કરવા લાગે અને તેની સાથે તેનું મન પણ વિકસિત થાય. તેના હાથમાંય મગજ હોય છે."

ગાંધીજીના મતે ભારતની પ્રત્યેક વ્યક્તિ શિક્ષિત હોવી જોઈએ. એમ ◷ઢપણે માનતા હતાં. લોકશાહીમાં કેળવણી એ લોકશાહીનો પ્રાણવાયુ છે. શિક્ષણ એટલે માત્ર અક્ષરજ્ઞાન કે સાક્ષરતા નહિ, સાક્ષરતા એ જ્ઞાનપ્રાપ્તિનું માધ્યમ છે.

- શિક્ષણ અર્થાત કેળવણી:

શિક્ષણ એટલે કે education એ લેટિન શબ્દ educo પરથી આવ્યો છે. જેનો અર્થ થાય છે પરિપક્વ બનાવવું, પ્રગતિ કરવી, પથદર્શિત કરવું, દોરવણી આપવી, ઘડતર કરવું, સત્વ બહાર લાવવું. પ્રશિક્ષિત કરવું. શિક્ષણ- જ્ઞાન- માહિતી પ્રદાન કરવા, કેળવવું, ઉછેરવું વગેરે.

ગાંધીજી કહે છે કે – " હું તો બાળકની કેળવણીનો પ્રારંભ તેને કઈંક ઉપયોગી હાથ. ઉદ્યોગ શીખવીને થાય ક્ષણથી એને કઈક નવું સર્જન કરવાનું શીખવીને જ કરું, તેમણે કહ્યું છે કે મસ્તક, હૃદય અને શરીર, આ ત્રણેયનો સમન્વય થાય. શિક્ષણ પૂર્ણતા તરફ દોરી જાય છે.

મનુષ્યના જીવનમાં શ્રમ અને વ્યાયામનું અનન્ય મહત્વ છે.

૧) શિક્ષણનો અર્થ :

"કેળવણી એટલે બાળક અને માણસનાં શરીર મન અને આત્માના ઉત્તમાંશોનું આવિષ્કારીકરણ."

શિક્ષણ દ્વારા છોકરા અને છોકરીઓના સમગ્ર માનવગુણોનો વિકાસ થવો જોઈએ. જે કેળવણી બાળકોને પૂર્તિ મનુષ્ય અને ઉપયોગી. નાગરિક તરીકે ઘડતર કરતી નથી, તે યથાર્થ સ્વરૂપમાં કેળવણી નથી.

(૨) ગાંધીજીના મતે કેળવણીના હેતુઓ:

- સ્વાવલંબન માટે યાં આત્મનિર્ભરતા માટે કેળવણી:

કેળવણી દ્વારા વ્યક્તિ અને સમાજ સ્વાવલંબી બનવો જોઈએ. વ્યક્તિની મૂળભૂત જરૂરિયાતો અન્ન, આવાસ અને આચ્છાદન સંતોષવી જોઈએ અને વ્યક્તિ પોતાનું અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે તેવી ક્ષમતાનો તેનામાં વિકાસ થવો જોઈએ. સ્વાવલંબન ત્રણ પ્રકારનું હોય શકે:

૧ આર્થિક સ્વાવલંબન

૨ સામાજિક સ્વાવલંબન

3 માનસિક સ્વાવલંબન

- સાંસ્કૃતિક વિકાસ :

ગાંધીજીના મંતવ્ય અનુસાર, કેળવણીનો મુખ્ય ઉદ્દેશ છે રાષ્ટ્રની સામાજિક, સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન કરવાનો છે. સંસ્કૃતિના ઉચ્ચ આદર્શો અને મૂલ્યોનું જતન અને માવજત કરવાનું છે. તેઓ કહેતા કે અક્ષરજ્ઞાન કરતાં હું સંસ્કારની કેળવણીને વધારે મહત્વ આપું છું. સંસ્કૃતિ દ્વારા કેળવાયેલા સંસ્કાર એ વ્યક્તિની આંતરિક સમૃદ્ધિ છે. કેળવણીનો હેતુ આપણા પૂર્વજોના સંસ્કાર વારસાનું સંરક્ષણ કરવાનો અને તેનો વિકાસ કરવાનો છે.

- ચારિત્ર્ય નિર્માણ:

હિંદ સ્વતંત્ર થાય ત્યારે કેળવણીનું લક્ષ્ય શું હશે ? એવા સવાલના જવાબમાં તેમણે તરત જ કહ્યું ," ચારિત્ર્યનું ઘડતર અંગત જીવનની શુદ્ધિ ગાંધીજીને મત સંગીન કેળવણી માટે અનિવાર્ય શરત છે." કોઈ પણ યુગના જીવનમાં સુખશાંતિ અને સફળતા માટે ચારિત્ર્ય એ પાયાનું પરિબળ છે. ખરેખર તો શિક્ષણનો અને માનવજીવનનો મુખ્ય હેતુ શ્રેષ્ઠત્તમ ચારિત્ર્ય નિર્માણ છે. અણઘડ પત્થરમાંથી માનવને શ્રેષ્ઠત્તમ ચારિત્ર્ય મૂર્તિમાં પરિવર્તન કરતી પ્રક્રિયા જ શિક્ષણ છે.

આમ, ગાંધીજીએ ચારિત્ર્ય ઘડતરના ઉદ્દેશ્યને અતિ મહત્વ આપે છે.

- મુક્તિ માટે કેળવણી :

" સાં વિદ્યાॐ યા વિમુક્તમે" એ પ્રાચીનમંત્રને સિદ્ધ કરીએ. વિદ્યા એટલે કેવળ આધ્યાત્મિક જ્ઞાન અને મુક્તિ એટલે છૂટકારો એવો અર્થ ન કરતાં. વિધા એટલે લોકોપયોગી વધુ જ્ઞાન અને મુક્તિ એટલે સર્વ દાસત્વમાંથી છૂટી જવું. આમ, આ વિધાન પેલા રોજી-રોટીના મૂળભૂત છૂટકારાની વાતથી આગળ સર્વ દાસત્વમાંથી મુક્તિ. " પ્રાપ્ત કરવા સુધીની વિસ્તૃત વિભાવના સૂચવે છે."

- સર્વાંગીણ વિકાસ :

તેઓ કેળવણી દ્વારા હસ્ત, હૈયું અને મસ્તિષ્કનો વિકાસ થવો જોઈએ.

પરંપરાગત રીતે વાંચન, લેખન અને ગણનને જ શિક્ષણ માનવામાં આવતું. તેને બદલે ગાંધીજીએ વિધાર્થીઓની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિઓને બહાર લાવી તેમનો સમુચિત અને સંતુલિત વિકાસ થાય. તે રીતે કેળવણી રીતે આપવી જોઈએ. તેના પર ભાર મૂક્યો છે. ગાંધીજીની શિક્ષણની વ્યાખ્યા પ્રમાણે “ બાળકોમાં રહેલા શરીર, મન અને આત્માના ઉત્તમ અંશોને બહાર લાવવા.” તેનું નામ કેળવણી.

આમ, ગાંધીજી બાળકોના સર્વાંગીણ વિકાસના હેતુ પર ભાર મૂકે છે.

- જીવનનાં ઉચ્ચતમ મૂલ્યોનો વિકાસ :

ગાંધીજી કેળવણી દ્વારા નૈતિક, આધ્યાત્મિક, સામાજિક અને સૌંદર્યબોધક મૂલ્યો જે જીવન ઘડતર કરે છે. જીવનના કેટલાંક શાશ્વત કે સનાતન મૂલ્યો જેવા કે સત્ય, અહિંસા, પ્રેમ કે કરૂણા ભ્રાતૃત્વ જેવા મૂલ્યોનો સમુચિત વિકાસ થવો જોઈએ. તેમ દ્રઢપણે માનતા હતાં.

- આત્મસાક્ષાત્કાર:

આત્મસાક્ષાત્કાર એટલે સ્વપ્રતીતિ- વ્યક્તિને પોતાની મહાનતા અને મર્યાદાઓનું જ્ઞાન થાય અને તે દ્વારા વ્યક્તિ આત્મસંયમ, આત્મસાક્ષાત્કાર અને આત્માનુભૂતિ કરવા પ્રેરાય છે.

દા.ત., જેને સંગીતમાં રસ છે તેણે સંગીતકાર બનવું જ જોઈએ.

3) અભ્યાસક્રમ:

ગાંધીજીના મતે અભ્યાસક્રમ એવો હોવો જોઈએ કે જે સમાજની સ્થાનિક જરૂરિયાતોને પોષી શકે અને સમાજનો સર્વાંગીણ વિકાસ સાધી શકે, જેમ કે “આશ્રમમાં પહેલા નોકરો તો નહોતા જ, પાયખાના સફાઈની માંડીને રસોઈ સુધીના બધા કામો આશ્રમવાસીઓએ જ કરવાના હતાં. ફળઝાડો પુષ્કળ હતાં, નવું વાવેતર કરવાનું જ હતું, રોજ અમુક સમય નાના-મોટા રસોડાના કામમાં ન રોકાયા હતા તેમણે બગીચામાં કામ કરવું જ પડતું. આમાં બાળકોનો મોટો હિસ્સો હતો. મોટા ખાડા ખોદવા, ઝાડો કાપવા વગેરે કામમાં ન રોકાયા હોય તેમણે બગીચામાં કામ કરવું જ પડતું. આમાં બાળકોનો મોટો હિસ્સો હતો. મોટા ખાડા ખોદવા, ઝાડો કાપવા, બોજા ઊંચકી જવા વગેરે કામમાં તેમના શરીર સારી પેઠે કસાતા. તેમાં તેમને આનંદ આવતો, ને બીજી કસરત એક રમતની તેમને જરૂર નહોતી રહેતી. આ રીતે ગાંધીજીએ શરીર, મન અને હૃદય એટલે સઘળાં અંગોનો વિકાસ સાધી શકે તેવા અભ્યાસક્રમનો વિચાર કર્યો છે. જેમાં નીચેના વિષયોનો સમાવેશ થાય છે.

- મૂળ ઉધોગ :

કૃષિ, કાંતણવણાટ, સુથારીકામ, માટીકામ, ચર્મઉધોગ, મત્સ્યઉધોગ, બગાયત, ગૃહવિજ્ઞાન ઉપરાંત પરિસ્થિતિ અનુસાર.

બાળક કોઈ પણ માધ્યમમાં બોલે, તેની પ્રથમ ભાષા તો માતૃભાષા જ હોવી જોઈએ. માતૃભાષા એ વ્યક્તિની અભિવ્યક્તિનું સર્વશ્રેષ્ઠ માધ્યમ છે. પ્રબળ સાધન છે. માતૃભાષાએ સંસ્કૃતિનું સંરક્ષણ, સંવર્ધન અને વારસો છે.

- માતૃભાષા દ્વારા શિક્ષણ :

ચાલુ કેળવણીના અણગમાં એ ગાંધીજીને બાળકોને ઘેર કેળવણી

આપવાના વિચાર પર લાવી મૂક્યા,ત્યારે બીજી બાજુએ માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાના આગ્રહે તેમને ઘરને જ શાળા બનાવવાની ફરજ પાડી. ગાંધીજી માનતા કે બાળકને શિક્ષણ માતૃભાષામાં જ આપવું જોઈએ.

- સમૂહજીવન

દૈનિક, સામાયિક, વાર્ષિક અને પ્રાસંગિક જેવી પ્રવૃતિઓ.

- ગણિત,સામાજિક અધ્યયન :

જેમાં ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વગેરેનો સમાવેશ થાય છે.

- સામાન્ય વિજ્ઞાન :

જેમાં જીવવિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, શરીરવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, સ્વાસ્થ્યવિજ્ઞાન, નક્ષત્રોનું વિજ્ઞાન, મહાવૈજ્ઞાનિકો અને સંસોધકોની કથાઓ.

- કળાઓ :

ચિત્રકલા, સંગીત કલા, તેમજ સ્થાપત્યકલા સાહિત્ય કલા અને લલિતકલાઓ

- શારીરિક શિક્ષણ :

વ્યાયામ ખેલકૂદ વગેરે.

(૪)અધ્યાપન પદ્ધતિ :

ગાંધીજી શિક્ષણના પ્રયોગવીર હતા. આથી શિક્ષણમાં પદ્ધતિ હોવી જોઈએ. ગાંધીજીજ્ઞાનના કૃત્રિમ વિભાજનના વિરોધી હતા. તેથી અખંડિત-એકીકૃત સમવાયી પદ્ધતિની તેમણે હિમાયત કરી. વિધાર્થીઓનું શિક્ષણ પ્રાકૃતિક અને સામાજિક વાતાવરણમાં સહજ રીતે થવું જોઈએ. આમ, તો એમ કહેવાય છે કે બુનિયાદી શિક્ષણ એ સ્વયં એક શિક્ષણ પદ્ધતિ છે.

ગાંધીજી એ સમયના સજા પર આધારિત વાતાવરણથી અસંતુષ્ટ હતા. તેમણે ગુરૂકૂળો અને ઋષિ આશ્રમોનું પવિત્ર, વાત્સલ્ય અને સ્નેહભર્યું. પર્યાવરણ ઇચ્છયું. એ માટે પ્રકૃતિ અને ગામડાંના વાતાવરણને તેઓ ઉત્તમ સમજે છે. તેઓ માનતા કે બાળકને વિકાસ માટેનું મુક્ત અને સ્વતંત્ર વાતાવરણ હોવું જોઈએ. તેઓ આત્મનિયમનયુક્ત સ્વયં શિસ્તના હિમાયતી હતા.

(૫) સારાંશ

અંતે ગાંધીજીએ કેળવણી વિશે એવું કહ્યું છે કે- બાળકનો સર્વાંગીવિકાસ થવો જોઈએ જેમાં તે સ્વાવલંબી, આત્મસાક્ષાત્કાર, ચારિત્યનિર્માણનો વિકાસ તેમજ મુક્તિ માટે કેળવણી અને અભ્યાસક્રમ લચિલો હોવો જોઈએ. તેમજ બાળક જે વિષય ભણે તે પોતાની માતૃભાષામાં જ હોવું જોઈએ, સાથે સાથે બુનિયાદી શિક્ષણ અને બાળક મુક્તશિસ્ત સાથે કેળવણી કેળવે તે પાયાની જરૂરિયાત છે.

સંદર્ભ સૂચિ:

(૧) ગાંધી મોહનદાસ (૧૯૪૦) ગાંધીવિચાર, ટોહન અમદાવાદ – નવજીવન પ્રકાશન મંદિર

(૨) ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ- ગ્રંથ ગુજરાતી સાહિત્યનો પરિષદ- અમદાવાદ

(૩) હિંદ સ્વરાજ – ગાંધીજી

(૪) સત્યના પ્રયોગો – ગાંધીજી